==================================================================

सत्यमेव जयते

| | |
|---|---|
| દાવો દાખલ કર્યા તા | **19/07/2011** |
| દાવો રજી. કર્યા તા | **19/07/2011** |
| દાવો ફેંસલ કર્યા તા | **25/03/2026** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અવધી: | **14** | **Y** | **08** | **M** | **06** | **D** |

==================================================================

**રાપરનાં મહેરબાન પ્રીન્સીપાલ સીવીલ જજ (જુ.ડી.) સાહેબની કોર્ટમાં, મું.રાપર**

==================================================================

| | |
|---|---|
| રે.દિ.મુ.નં. | ૨૧/૧૧ |
| આંક: | |

| | |
|---|---|
| વાદી :- | **રામસંગભાઇ તેજાભાઇ મકવાણા,**<br>ધંધો ખેતી, રહે. ગેડી, તા. રાપર, જી. કચ્છ. |
| | વિરૂધ્દ |
| પ્રતિવાદી :- | **સ્વ.બાઉ ગોપારા સેલોત (દૈયા) ના વારસદારો..**<br>૧/૧. રૂડીબેન બાઉભાઈ દૈયા,<br>૧/૨. અમરાભાઈ બાઉભાઈ દૈયા,<br>૧/૩. પરબતભાઈ બાઉભાઈ દૈયા,<br>૧/૪ જમણીબેન નોધાભાઈ બારી તે બાઉ ગોપારા સેલોત(દૈયા)ના પુત્રી,<br>૧/૫. સામાભાઈ બાઉભાઈ દૈયા,<br>૧/૬. ભાવનાબેન રામાભાઈ ચંડેસર તે બાઉ ગોપારા સેલોત(દૈયા)ના પુત્રી, |

==================================================================

| | |
|---|---|
| | ૧/૭ જાગૃતિબેન પરબતભાઇ બાયડ તે બાઉ ગોપારા સેલોત(દૈયાના પુત્રી.<br>તમામ રહે. ગેડી, તા.રાપર (કચ્છ). |

| | |
|---|---|
| **વિષયઃ-** | **કાયમી મનાઇ હુકમ તથા ડેકલેરેશન મળવા અંગે.** |

| | |
|---|---|
| **વાદીઓ તરફે વિદવાન વકીલ શ્રીઃ-** | **જી. જી. પુજારા** |
| **પ્રતિવાદી નં. ૧ તરફે વિદવાન વકીલ શ્રીઃ-** | **વાય. એચ. ઠકકર** |

# -: JUDGMENT (ચુકાદો) :-

## (A) NARRATION OF FACTS (દાવાની હકીકત):-

### (૧) વાદીનો કેસ (Plaintiff Version):-

(૧.૧) આ કામના વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદીનો દાવો એવો છે કે, વાદીની માનસર અરજ કે વાદીના કબજા,ભોગવટા, માલિકીનું ખેતર-૧ મોજે ગેડી, તા.રાપરના સર્વે નં. ૩૨૮/૩ વાળું આવેલું છે. જેની ચતુર્દિશા નીચે મુજબ છે.

પુર્વ તરફ - ભરતસિંહ હનુભા વાઘેલાનું ખેતર છે.

પશ્ચિમ તરફ - પઢીયાર દેવીબાઈ ભીખાનું ખેતર તથા નોઘા હમીરા મકવાણાનું ખેતર તથા મેરૂ રૂડા રજપુતનું ખેતર આવેલ છે.

ઉતર તરફ - મેરૂ રૂડા રજપુતનું ખેતર આવેલ છે.

દક્ષિણ તરફ - ભરતસિંહ હનુભા વાઘેલાનું ખેતર છે.

જેનો ઉલ્લેખ આ દાવામાં હવે પછી સગવડતા ખાતર દાવાવાળા ખેતર તરીકે કરેલ છે. દાવાવાળું ખેતર વાદીના કબજા, ભોગવટા, માલિકી નું છે. દાવાવાળું ખેતરની માપણી થઈ તે વખતે પણ વાદીનો કબજો, ભોગવટો, માલિકી હતી. તેના ટિપ્પણની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે. તેમજ સુળ બુકની ખરી નકલની ઝેરોક્ષ કોપી આ સાથે સામેલ છે. દાવાવાળું ખેતર ભુલથી ગોપારા રવા રજપુતના નામે ચડી ગયેલ. જે પાછળથી વારસાઈ હક્કે પ્રતિવાદીએ પોતાના નામે રેવન્યુ રેકર્ડમાં ટ્રાન્સફર કરાવી લીધેલ છે. પરંતુ દાવાવાળા ખેતરનો સ્થાનિકે કબજો, ભોગવટો, માલિકીહક્કે વાદીનો છે. દાવાવાળું ખેતર દરવર્ષે વાદી પોતે જાતે ખેડે વાવે છે. આ વર્ષે પણ વાદીએ વરસાદ થતાં દાવાવાળા ખેતરમાં ગોવાર છાંટિતલ તથા જારનું વાવેતર કરેલ છે. વાદી અભણ, અજ્ઞાન, ખેડત વર્ગના માણસ હોઈ વાદીએ રેવન્યુ રેકર્ડની કયારેય તપાસ કરાવેલ નહિ. હાલમાં થોડા સમયથી ખેતીની જમીનો માલિક સિવાયની બીજી વ્યકિતઓ વેચાણ કરી નાખતી હોવાથી વાદીને જાણ થતાં વાદીએ દાવાવાળા ખેતરની રેવન્યુ રેકર્ડની નકલો કઢાવતાં વાદીને ઉપરોકત હકીકતની જાણ થયેલ. જેથી વાદીએ એકાદ માસ અગાઉ પ્રતિવાદીને દાવાવાળું ખેતર રેવન્યુ રેકર્ડમાં થયેલી ભુલ સુધારી આપવા જણાવેલું. તે વખતે પ્રતિવાદીએ કહેલ કે થોડા સમય પછી તમારા નામે હું કરાવી આપીશ. જેથી વાદી પ્રતિવાદી સાથેના સારા સંબંધોના કારણે તેમની સામે કોઈ કાર્યવાહી કરેલ નહિ.

(૧.૨) વધુમાં દાવાઅરજીમાં વાદી જણાવે છે કે, હાલમાં વાદીને જાણવા મળેલ કે દાવાવાળું ખેતર રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીના નામે હોઈ તે વેચસાટ કરવાની પેરવીમાં છે. જેથી વાદીએ ગઈ તા. ૧૩/૭/૨૦૧૧ ના રોજ પ્રતિવાદીને રૂબરૂ મળેલ અને કહેલ કે તમો રાપર આવી મારું ખેતર મારા નામે કરાવી આપો. તે વખતે તેમણે ધમકી આપેલ કે

===============================================================

હું તમારું ખેતર તમારા નામે નહિ કરાવી આપું. તમો ખેતરે જશો નહિ, નહિતર તમને મારીશ. ખેતર મારા નામે હોઈ હું વેચી નાખીશ. તમારાથી થાય તે કરી લેજો. જેથી મેં તેમને સમજાવેલ પરંતુ માનેલ નહિ. જેથી ન છુટકે વાદીએ હાલનો દાવો પ્રતિવાદી સામે કરવાની જરૂરિયાત ઉભી થયેલ છે.

(૧.૩) દાવાવાળું ખેતર વાદીના સ્વતંત્ર કબજા, ભોગવટા, માલિકીનું વડીલોપાર્જિત આવેલું છે. તેમાં પ્રતિવાદીનો કાંઈ હક્ક, હિસ્સો કે હિત સંબંધ ન હોવા છતાં દાવાવાળું ખેતર પ્રતિવાદી વેચસાટ કરવા માંગતા હોઈ તેમજ વાદીના દાવાવાળા ખેતરના કબજા, ભોગવટા, માલિકીમાં અડચણ, અટકાયત કરતા હોઈ હાલનો આ દાવો વાદી પ્રતિવાદી સામે દાવાવાળું ખેતર વાદીના સ્વતંત્ર કબજા, ભોગવટા, માલિકીનું છે. તેમાં પ્રતિવાદીનો કાંઈ હક્ક,હિસ્સો કે હિત સંબંધ નથી તેવું જાહેર કરાવી આપવા તેમજ દાવાવાળું ખેતર પ્રતિવાદી પોતે જાતે, એજન્ટો, નોકરો, કુટુંબીજનો વિગેરે મારફતે અન્ય કોઈને અન્ય કોઈ હક્કે વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરે હક્કે ટ્રાન્સફર કરે કરાવે નહિ તેવો કાયમી મનાઈ હુકમ મેળવવા તેમજ દાવાવાળા ખેતરમાં પ્રતિવાદી પોતે જાતે, એજન્ટો, નોકરો, કુટુંબીજનો વિગરે મારફતે પ્રવેશ કરે કરાવે નહિ તેવો તેમની સામે કાયમી મનાઈ હુકમ મેળવવા તેમજ દાવાવાળું ખેતરના વાદીના કબજા, ભોગવટા, માલિકીમાં પ્રતિવાદી પોતે જાતે એજન્ટો, નોકરો, કુટુંબીજનો વિગેરે મારફતે અડચણ અટકાયત કરે કરાવે નહિ તેવો તેમની સામે કાયમી મનાઈ હુકમ મેળવવા નોંધાવેલ છે. વાદીને દાવો કરવા માટે પ્રતિવાદીએ વાદીને તા. ૧૩/૭/૨૦૧૧ ના રોજ ધમકી આપી ત્યારથી ઉત્પન્ન થયેલ છે. વાદીનો દાવો મુદતના કાયદા મુજબ મુદતની અંદર છે.

===============================================================

(૧.૪) વધુમાં દાવાઅરજીમાં વાદી જણાવે છે કે, વાસ્તે નમ્ર અરજ સાથે માંગણી કે, પ્રતિવાદીઓને સમન્સથી આપ ના.કોર્ટ સમક્ષ બોલાવી, દાવાવાળું ખેતર વાદીના સ્વતંત્ર કબજા, ભોગવટા, માલિકીનું વડીલોપાર્જિત આવેલું છે. તેમાં પ્રતિવાદીનો કાંઈ હક્ક,હિસ્સો કે હિત સંબંધ નથી તેવું ઠરાવી અપાવવા નમ્ર અરજ છે. દાવાવાળું ખેતર પ્રતિવાદી પોતે જાતે, એજન્ટો, નોકરો, કુટુંબીજનો વિગેરે મારફતે અન્ય કોઈને અન્ય કોઈ હક્કે વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરે હક્કે ટ્રાન્સફર કરે કરાવે નહિ તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. દાવાવાળા ખેતરમાં પ્રતિવાદી પોતે જાતે, એજન્ટો, નોકરો, કુટુંબીજનો વિગરે મારફતે પ્રવેશ કરે કરાવે નહિ તેવો તેમની સામે કાયમી મનાઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. દાવાવાળું ખેતરના વાદીના કબજા, ભોગવટા, માલિકીમાં પ્રતિવાદી પોતે જાતે એજન્ટો, નોકરો, કુટુંબીજનો વિગેરે મારફતે અડચણ અટકાયત કરે કરાવે નહિ તેવો તેમની સામે કાયમી મનાઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તેમજ આ દાવાની હકીકતની નજરે મળવાપાત્ર તમામ રાહતદાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

**(૨) <u>પ્રતિવાદીનો જવાબ/કેસ (Defendant Version) : –</u>**

(૨.૧) અત્રેની અદાલતમાં દાવો દાખલ થતા સદરહું દાવાનો સમન્સ પ્રતિવાદી ઓને મોકલતા અને તેની બજવણી કરતાં આ કામના પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફત હાજર છે અને **<u>પ્રતિવાદી</u>** નાઓએ **<u>આંક – ૧૫</u>** થી વાદીના દાવાનો લેખિત જવાબ રજુ કરી ને પ્રતિવાદીએ વાદીના દાવાની હકીકતનો ઈન્કાર કરી વાદીને **<u>અમો પ્રતિવાદીઓ</u>** વિરુધ્ધ આવો દાવો કરવા કોઈ હકક કે અધિકાર નથી.

(૨.૨) આ કામના પ્રતિવાદીના જવાબની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામે પ્રતિવાદીને સમન્સ નોટીસ કરવામાં આવેલ છે અને પ્રતિવાદીઓ તરફે આંક-૧૫ થી સદર દાવાઅરજીનો જવાબ રજુ કરી જણાવે છે કે વાદીનો દાવો ખરા અને યોગ્ય નથી તેમજ આ જવાબમાં સ્વીકાર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકત એવી જણાવે છે કે, દાવાવાળું ખેતર પ્રતિવાદીની વડીલોપાર્જીત મિલ્કત છે અને સરકારી રેવન્યુ રેકર્ડ મુજબ તથા સ્થાનિકે દાવાવાળા ખેતરનો પ્રત્યક્ષ કબજો ભોગવટો માલીકીહક્કે પ્રતિવાદીનો છે. વાદીના બનેવી નોંધા તેજા રવા સેલોત પ્રતિવાદીના પીતરાઈ મોટાભાઈ થાય છે. સને ૧૯૬૮ ના અરસામાં દાવાવાળા ખેતરની માપણી અને સુડબુક સમયે વાદી દાવાવાળું ખેતરે પ્રતિવાદીના વડીલોના સબંધી તરીકે હાજર હતાં. જેથી, માપણી સમયે હાજર ઈસમ માલીકના પ્રતિનીધી એવા વાદીનું નામ માપણીશીટ અને સુડબુકમાં દાખલ થયેલું છે. માપણીશીટ અને સુડબુકમાં માપણી સમયે સાથે રહેલ આસામીઓના નામ માત્ર લખાય છે અને રેવન્યુ રેકર્ડ મુજબ માલીકી હક્ક તબદીલ થવાનો દસ્તાવેજ ગામના નમુના નંબર ૬ હક્કપત્રકથી નક્કી થાય છે. જે મુજબ પ્રમોલગેશન નોંધ જે તે પ્રાંતના પ્રથમ વર્ગના રેવન્યુ અધિકારી એવા પ્રાંત અધિકારીશ્રી જજુના રેકર્ડ પરથી વેરીફાઈ કરી માલીકીહક્ક અંગેનું રેકર્ડ ગામના નમુના નંબર ૬ હક્કપત્રક તૈયાર કરતાં હોય છે. મોજે ગેડી, તાલુકો રાપરના હક્કપત્રકની નોંધ નંબર ૩૯૦ થી દાવાવાળું ખેતર જુના સર્વે નંબર ૨૮૬૭, એકર ૨-૦૦ ગુંઠાવાળું જજુની નોંધ નં. ૮૩ થી ઈનામી જમીન ઘરખેડમાં ધારણ કરનાર પ્રતિવાદીના પીતા ગોપારા રવા સેલોત-દૈયા અન્ય ખેતીની જમીન સાથે ધરાવતાં હતાં અને હક્કપત્રક નોંધ નં. ૩૦૧૦ થી દાવાવાળું ખેતર નવા સર્વે નંબર ૩૨૮/૩ હાલના પ્રતિવાદીને વારસાઈહક્કે પ્રાપ્ત થયેલી છે. આમ, દાવાવાળું ખેતર પ્રતિવાદીની વડીલોપાર્જીત મિલ્કત છે. અને આ

==================================================================

તમામ હકીકતો વાદી ખુદ પણ જાણે છે. પરંતુ, હાલે રાપર તાલુકામાં નર્મદા નહેરના કામો શરૂ થવાથી ખેતીની જમીનોની કિંમતો ખૂબ જ વધી જવાથી વાદીની દાનત બગડતાં, પ્રતિવાદી પાસેથી દાવાવાળું ખેતર અગર તો માપણીશીટ અને સુડબુકમાં નામ દાખલ છે તેના આધારે મોટી રકમ પડાવવાનો મલીન ઈરાદો ધરાવે છે. વાદીએ પ્રતિવાદી પાસેથી અવારનવાર મોટી રકમની માંગણી પણ કરેલી છે, પરંતુ પ્રતિવાદીએ દાદ ન આપતાં, વાદીએ હાલનો તદન ખોટો દાવો કરેલો છે. જેથી વાદીની દાવાઅરજી ખર્ચ સહીત રદ કરવા અને વાદી પાસેથી પ્રતિવાદીને રૂા.૩,૦૦૦/– નો ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૩) **<u>કાઉન્ટર એફીડેવીટ (Counter Affidavit) :–</u>**

(૩.૧) આ કામે વાદીએ પ્રતિવાદીના જવાબ રજુ કર્યા બાદ **<u>આંક – ૨૦ થી કાઉન્ટર એફીડેવીટ</u>** રજુ કરેલ છે. જે જોતા મહદઅંશે તેમાં જણાવેલ તમામ હકીકતો મનાઈહુકમની અરજીમાં જણાવેલ હકીકતોનુ ફરીવાર પુનરાવર્તન કરેલ છે. જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીવાર અંહી ઉલલેખ કરવામાં આવેલ નથી. તેમજ બીજી તરફ પ્રતિવાદીએ જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલાનુ જણાઈ આવે છે.

(૪) **<u>મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા (Oral and Documentary Evidence):–</u>**

આ કામે વાદી તથા પ્રતિવાદી તરફે જે મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા કેસની કાર્યવાહી દરમ્યાન રજુ કરવામાં આવેલ છે. તે તમામનુ વર્ણન નીચે મુજબ કરવામાં આવેલ છે.

==================================================================

## (૪.૧) વાદી તરફે મૌખિક પુરાવા

| અ.નં. | વાદી તરફે સાહેદના નામ | આંક |
|---|---|---|
| 1 | વાદીની જુબાની – રામસંગભાઈ તેજાભાઈ મકવાણા | 46 |
| 2 | વાદીના સાહેદની જુબાની –નોંઘાભાઈ હમીરાભાઈ રાજપુત | 47 |
| 3 | વાદીના સાહેદની જુબાની – મેરૂભાઈ રૂડાભાઈ રજપુત | 48 |
| 4 | વાદીના સાહેદની જુબાની – ડીઆઈએલઆર કર્મી હરેશ રમેશભાઈ | 64 |
| 5 | વાદીના સાહેદની જુબાની –વિરમ જુઠાભાઈ રબારી | 72 |
| 6 | વાદીના સાહેદની જુબાની – ખેંગાભાઈ બાઉભાઈ વેણ | 83 |

## (૪.૨) વાદી તરફે દસ્તાવેજી પુરાવા

| અ.નં. | વાદીએ રજુ કરેલ દસ્તાવેજોનુ વિગત– | આંક |
|---|---|---|
| 1 | દાવાવાળા ખેતરના સુડબુકના ઉતારાની ખરી નકલ | 92 |
| 2 | સર્વે નંબર ૩૨૮/૩ નો રેવન્યુ નકશો | 73 |
| 3 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૮/૩ | 74 |
| 4 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૮/૧ | 75 |
| 5 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૮/૧/૧ | 76 |
| 6 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૭/૧ | 77 |
| 7 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૭/૨ | 78 |

| | | |
|---|---|---|
| 8 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૫ | 79 |
| 9 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૨૯/૨ | 80 |
| 10 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૩૦/૧ | 81 |
| 11 | ગામ નમુનો નંબર ૭ સર્વે નંબર ૩૩૦/૨ | 82 |
| 12 | ગેડીના સર્વે નંબર ૩૨૮/૩ ની ટીપ્પણ. | 65 |
| 13 | ગેડીના સર્વે નંબર ૩૨૮/૩ ની સુડબુક | 66 |
| 14 | ગેડીના સર્વે નંબર ૩૨૮/૩ નો આકારબંધ | 67 |
| 15 | ગેડીના સર્વે નંબર ૩૨૮/૩ નો રેવન્યુ નકસો | 68 |

(૪.૩) <u>પ્રતિવાદી તરફે મૌખિક પુરાવા</u>

| **અ.નં.** | **પ્રતિવાદી તરફે સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| 1 | પ્રતિવાદીની જુબાની – બાબુભાઈ બાઉભાઈ દૈયા | 90 |
| 2 | પ્રતિવાદીના સાહેદની જુબાની – કાનજીભાઈ રાણાભાઈ મેર | 99 |

(૪.૪) <u>પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા</u>

| **અ.નં.** | **પ્રતિવાદી તરફે રજુ કરેલ દસ્તાવેજની વિગત–** | **આંક** |
|---|---|---|
| 1 | હકપત્રક – ગામ નમુનો નંબર ૬ – નોંધ નં. ૮૩ | 93 |
| 2 | હકપત્રક – ગામ નમુનો નંબર ૬ – નોંધ નં. ૩૯૦ | 94 |

| | | |
|---|---|---|
| 3 | હકપત્રક – ગામ નમુનો નંબર ૬ – નોંધ નં. ૨૮૩૦ | 95 |
| 4 | ગામ નમુનો નંબર ૭/૧૨ – સર્વે નંબર ૩૨૮/૩ | 96 |
| 5. | ગામ નમુનો ૮ – અ ખાતા નબંર ૩૨૩૫ | 101 |
| 6 | ગામ નમુના નંબર ૭ સર્વે નંબર ૩૨૮/૩ | 102 |
| 7 | ગામ નમુનો નંબર ૧૨ – સર્વે નંબર ૩૨૮/૩ | 103 |
| 8 | હકપત્રક – ગામ નમુનો નંબર ૬ – નોંધ નં. ૩૯૦ | 104 |
| 9 | હકપત્રક – ગામ નમુનો નંબર ૬ – નોંધ નં. ૩૦૧૦ | 105 |
| 10 | હકપત્રક – ગામ નમુનો નંબર ૬ – નોંધ નં. ૯૨૮૦, ૧૦૭૫૫ | 106 |

આ કામના **વાદી તરફે આંક – ૮૫** થી તથા **પ્રતિવાદી તરફે આંક – ૧૦૭** થી પુરાવા બંધની પુરસીસ આપીને પોતાનો પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ છે.

## (૫) દલીલ (Argument):–

(૫.૧) આ કામે વાદી તરફે તેઓના **વિદ્વાન વકીલશ્રી તરફથી આંક – ૧૦૮** થી રજુ કરેલ લેખિત દલીલ વંચાણે લીધી. તથા પ્રતિવાદી તરફે **વિધવાન વકિલશ્રી તરફથી આંક – ૧૦૯** થી રજુ કરેલ લેખીત દલીલ વંચાણે લીધી.

(૫.૨) વાદી તરફે વિદવાન વકીલશ્રીએ દલીલમાં જણાવેલ છે કે અમો વાદીએ મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવાથી અમારો કેસ પુરવાર કરેલ છે. નામદાર કોર્ટે જે મુદદા ઘડેલા તેને સાબીત કરવામાં અમો વાદી સફળ થયેલા છે. જયારે પ્રતિવાદી તેમના

કથન મુજબ તકરારી હકીકતોને સાબીત કરવામાં સફળ થયેલા નથી. દાવાની કાર્યવાહીનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૫.૩) જયારે પ્રતિવાદી તરફે વિદવાન વકીલશ્રી એ દલીલમાં જણાવેલ છે કે અમો પ્રતિવાદીએ મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવાથી પ્રતિવાદીની હકીકતોનો કેસ પુરવાર કરેલ છે. જયારે બીજી તરફે વાદી તેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. નામદાર કોર્ટે જે મુદદા ઘડેલા તેને સાબીત કરવામાં વાદી નિષ્ફળ થયેલા છે. જયારે અમો પ્રતિવાદીએ અમારા જવાબમાં જણાવ્યા મુજબની તકરારી હકીકતોને સાબીત કરવામાં સફળ થયેલા છે. જેથી દાવો ખર્ચ સાથે કાઢી નાખવા તથા અમો પ્રતિવાદીને ખર્ચ અપાવવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૬) **મુદદા (Issue)**:–

(૬.૧) આ કામે વાદીના દાવા તથા પ્રતિવાદીના જવાબના આધારે **આંક – ૨૮** થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

**–:મુદદા:–**

**(1) Whether the plaintiff proves that he is the owner and occupant of the suit Property bearing survey No.328/3, situated at Gedi?**

**(2) Whether the plaintiff proves that the defendant has no right, title or interest in the suit Properties?**

**(3) Whether the defendant proves that the plaintiff has not paid sufficient court fees?**

==============================================================

**(4) Whether the defendant proves that no cause of action has arose for filling suit?**

**(5) Whether the defendant proves that the suit is barred by law of Limitation?**

**(6) Whether the plaintiff is entitled to get relief as prayed for?**

**(7) What order and decree?**

(૬.૨) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

1. **In negative**
2. **In negative**
3. **In negative**
4. **In affirmative**
5. **In affirmative**
6. **In negative**
7. **As per final order**

**-:કારણો:-**

**કારણો/ ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન:-**

**Findings/Discussion And Appreciation Of Evidence**:-

(૭) તમામ મુદાને સાબીત કરવાનો બોજો વાદી/પ્રતિવાદી પર મુકવામાં આવેલ છે. તેની ચર્ચા કરીએ તે પહેલા અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે માત્ર દસ્તાવેજોને આંક પડવાથી સાબીત થઈ જતા નથી. પરંતુ પક્ષકારોએ તે મૌખિક પુરાવાની હકીકતોથી સાબીત કરવાના હોય છે. દાવાના કામે જયારે આખરી તબકકે પુરાવાનુ મુલ્યાંકન થતુ હોય ત્યારે જે દસ્તાવેજોને આંક પાડવામાં આવેલા નથી તે દસ્તાવેજોને વંચાણે લઈ

શકાય નહી કે તેની ચર્ચા કે તેનુ પુરાવાકીય મુલ્યાંકન કરી શકાય નહી. તેવુ અત્રેની કોર્ટનુ નમ્ર પણે અભિપ્રાય થાય છે. આ કામે પક્ષકારોએ કેસ સાબીત કરવા માટે જે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેની ચર્ચા અને પુરાવાનુ મુલ્યાકન હવે પછી મુદ્દાના કારણોમાં કરેલ છે. વાદીઓ કે પ્રતિવાદીઓ એવુ ઈચ્છતા હોય કે, નામદાર કોર્ટ તેમની તરફેણમાં હુકમ ફરમાવે તો તેમને તેમના કથન મૌખિક પુરાવાથી કે દસ્તાવેજી પુરાવાથી પોતાનો કેસ કે હકીકત સાબીત કરવા અનિવાર્ય રહે છે અને તેમના કથનો, દસ્તાવેજો બાબતે કોર્ટને સંતોષકારક રીતે સંમત કરવા જરૂરી બની રહે છે. હવે પછી મુદદાના કારણોની વિગતવાર ચર્ચા રેકર્ડ પર પડેલા પુરાવાને ઘ્યાને લઈને નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૮) આ કામે પુરાવાની ચર્ચા કરતા પહેલા સૌપ્રથમ અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે, દીવાની પ્રકારના કેસોની કાર્યરીતીમાં ગુણદોષ પર કેસનો નિર્ણય "**Preponderance Of Probability**" ના સિધ્ધાંતને કેન્દ્ર સ્થાને રાખીને આપવાનો રહેતો હોય છે. તેમજ બીજી તરફ જયારે વાદી દાવો લઈને આવેલા હોય તો ચોખ્ખા હાથે આવેલા હોવા જોઈએ અને શુધ્ધ ઈરાદા સાથે આવેલા હોવા જોઈએ, તેને દાવા અરજીમાં જણાવેલ હકકતોને સાબીત કરવાની રહેતી હોય છે. જો તે વાદી તેની હકીકત સાબીત કરવામાં નિષ્ફળ જાય તો તેનો દાવો ટકાવાને પાત્ર રહે નહી, જેવુ વાદી દાવામાં હકીકત સાબીત કરે, તો, તેને ખંડન કરવાનો બોજો પ્રતિવાદી પર જાય છે. અને જો પ્રતિવાદી સાબીત ના કરી શકે કે નિષ્ફળ જાય તો તો વાદી મહદઅંશે વાદી દાવામાં સફળ થાય છે. ટુંકમાં જે પક્ષકાર કે જે દાવાની હકીકતો કે બચાવની હકીકતો સાબીત કરવામાં સફળ થાય તેની તરફેણમાં ચુકાદો જાહેર થાય છે.

===============================================================

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલનો દિવાની કેસ <u>તા. ૧૯/૦૭/૧૧</u> ના રોજ અત્રેની કોર્ટમાં દાખલ થયેલ હતો. હાલનો દાવો **<u>આશરે ૧૫ વર્ષ જુનો</u>** હોય. જેથી નામદાર સુપ્રિમ કોર્ટના તથા ગુજરાત હાઈકોર્ટના દિશાનિર્દેશો મુજબ કેસનો ગુણદોષ પર નિર્ણય કરવા માટે અગ્રીમતા આપવામાં આવેલ છે.

## (૯) <u>મુદદા નંબર ૧ તથા ૨ અન્વયેના કારણો:–</u>

(૯.૧) આ બન્ને મુદા નામદાર કોર્ટ દવારા ઘડવામાં આવેલ તેનો સાબીતીનો વાદી પર બોજો નાખવામાં આવેલો છે કે **(૧) Whether the plaintiff proves that he is the owner and occupant of the suit Property bearing survey No.328/3, situated at Gedi? (૨) Whether the plaintiff proves that the defendant has no right, title or interest in the suit Properties?** આ બન્ને મુદદાની હકીકતો તથા દસ્તાવેજી પુરાવા એક સાથે સંકળાયેલા હોવાથી તે બન્ને મુદાની ચર્ચાનુ પુનરાવર્તન કરવુ ના પડે અને ચર્ચા બેવડાઈ નહી, તેવા શુભ આશયથી બન્ને મુદદાની ચર્ચા /મુલ્યાંકન એક સાથે હવે પછી વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૯.૨) અત્રે એ ઉલ્લેખનીય છે કે આ કામના દેવીબેન ભીખાભાઈ રાજપુતનુ ઓર્ડર ૧૮ રુલ ૪ મુજબનુ પુરાવાનુ સોગંદનામુ આંક ૫૭ થી રજુ કરેલ છે. ત્યારબાદ પક્ષકારને ઉલટતપાસ કરવા હાજર રહેવા માટે વ્યાજબી કહી શકાય તેટલી મુદતો આપેલ હોવા છતા હાજર ના રહેવાથી વાદીના વકીલશ્રીએ તેમની જુબાની નોટ પ્રેસ કરેલ છે. જયારે આ કામે જયારે પ્રતિવાદી બાબુભાઈ બાઉભાઈ દૈયાની સોગંદ પર જુબાની આંક ૯૦ થી નોંધવામાં આવેલ છે અને પ્રતિવાદી નંબર ૧/૩ થી પરબતભાઈ બાઉભાઈ દૈયા છે તે જ વ્યકિત છે. જે બન્ને વ્યકિત એકજ છે. જે બન્ને નામે ઓળખાય છે તેવુ બન્ને પક્ષના

===============================================================

==================================================================

વકીલશ્રીઓએ દલીલના તબકકે અત્રેની કોર્ટે સવાલ પુછતા કબુલ રાખેલ છે. જેથી તે અંગે કોઈ પક્ષકારને કોઈ વાંધો તકરાર નથી.

(૯.૩) હાલના મુદદાને સાબીત કરવાનો બોજો વાદી પર મુકવામાં આવેલો છે અને તેને સાબીત કરવા માટે વાદીએ રેકર્ડ પર જે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરેલ છે અને જે હકીકતો રેકર્ડ પર લાવેલા છે તેની ચર્ચા વિસ્તારપુર્વક કરીએ તો, વાદીએ મુદા નંબર ૧ મુજબ તેમની માલીકી અને કબ્જો સાબીત કરવા માટે તેમની આંક ૧ ની દાવા અરજીમાં જણાવેલ છે. જયારે વાદીની જે હકીકતનો ઈન્કાર પ્રતિવાદી એ તેમની આંક ૧૫ ના જવાબ વાંધામાં કરેલ છે. વધુમાં આંક ૨૦ થી ફરી વાદીએ પ્રતિવાદી ની જવાબની હકીકતોનો ઈન્કાર કરતુ કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. અત્રે એ પણ ઉલલેખનીય છે કે વાદી દવારા દાવા સાથે કામચલાઉ મનાઈહુકમની અરજી પણ દાખલ કરવામાં આવેલ હતી જેમાં બન્ને પક્ષે રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લઈને તથા બન્ને પક્ષના પ્લીડીંગને ગંભીરતાપુર્વક ઘ્યાને લઈને, વાદીની કામચલાઉ મનાઈહુકમની અરજી અત્રૈની કોર્ટ દવારા <u>તા.</u> ૦૬/૦૯/૧૪ ના રોજ નામંજુર કરવામાં આવેલ હતી. જે કામચલાઉ મનાઈહુકમની અરજીના હુકમ પર વાદીએ એપેલટ કોર્ટમાં અપીલ કરેલ હતી. જે પણ તા. ૨૮/૦૧/૨૦ ના રોજ રદ કરવામાં આવેલ હતી.

(૯.૪) તેમજ કેસની કાર્યવાહી દરમ્યાન વાદીએ સરતપસામાં દાવાવાળી જમીનમાં તેમની માલીકી અને કબ્જો સાબીત કરવા માટે આંક ૪૬ થી રામસંગભાઈ તેજાભાઈ મકવાણાની સોગંદ પર જુબાની આપેલ છે. તેની ચર્ચા કરીએ તો તેઓ જણાવે છે કે, સને ૧૯૬૮ ના અરસામાં દાવાવાળ ખેતરી માપણી અને સુડબુક સમયે દાવાવાળા ખેતર પ્રતિવાદીના વડીલોના સંબંધી તરીકે હાજર હોવાના કારણે વાદીનુ નામ દાખલ

==================================================================

===============================================================

થયેલ છે તેવી પ્રતિવાદી ની હકીકતનો વાદીએ ઈન્કાર કરેલ છે. જયારે વઘુમાં પ્રતિવાદી એ તેમના આંક ૧૫ ના જવાબમાં જે હકીકતો જણાવેલ છે તેનો ઈન્કાર વાદીએ તેમની સરતપાસમાં કરેલ છે. અંહી વાદીએ કોઈ નવા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. આ બન્ને મુદાને સંબંધીત તેમની ઉલટતપાસની ચર્ચા કરીએ તો એવી હકીકત રેકર્ડ પર પ્રતિવાદી લાવવામાં સફળ થયેલ છે કે, ખેતરના સર્વે નંબરમાં જ વાદીને ખબર પડતી નથી. જો તેઓને સર્વે નંબરમાં ખબર પડતી ના હોય તો તેઓ શી રીતે મહેસુલ ભરતા હશે. તેમજ વઘુમાં વાદીએ મહેસુલ ભરતા હોવાની કોઈ પહોંચો પણ રજુ કરેલ નથી. ખેતરની માપણી થયેલ એ ચોકકસ સમય પણ વાદીને ખબર નથી. જયારે પ્રતિવાદી નુ નામ દાવાવાળી મિલ્કત માં ચડી ગયેલાનો સવાલ પુછતા ભુલથી ચડી ગયેલાનો જવાબ આપે છે. હવે આવો જવાબ વાદી આપે તો તેને ગંભીરતાથી લેવુ જોઈએ. ખરેખર વાદી જે મિલ્કત માટે દાવો લઈને આવેલા છે તે મિલ્કત ના સર્વે નંબરમાં તેને ખબર પડે નહી. દાવાવાળી મિલ્કત નો મહેસુલ ભર્યાની પહોંચ રજુ કરતા નથી. તેમજ ભુલથી પ્રતિવાદી નુ નામ ચડી ગયેલાનુ જણાવે છે જે પ્રથમ દર્શનીય રીતે વિશ્વનીય જણાઈ આવતુ નથી. તેમજ તેવુ ભુલથી ચડી ગયેલાની જાણ વાદીએ કયારે થઈ? તે અંગે મૌન સેવેલ છે. તેવી જાણ તેને કોણે કરેલ તે અંગે મૌન સેવે છે. વીઘોટી અંગે એવુ જણાવેલ છે કે નંબરવાર ભરેલ નથી. પરંતુ ઉબડક ભરેલ છે. તે હકીકત અંહી ખોટી હોવાનુ, અત્રેની કોર્ટનુ, વીઘોટી ભર્યાના પુરાવાના અભાવે, માનવાનુ થાય છે. તેમજ દાવાવાળા ખેતરમાં રેવન્યુ રેકર્ડમાં હાલ કોનુ નામ ચાલે છે તેની પણ તેમને ખબર નથી. હવે જે વ્યકિત વાવેતર કરતા હોય અને વીઘોટી ભરતા હોય ખેતરમાં પાકનુ વાવેતર કરતા હોય પાક વરસોવરસ સુધી લેતા હોય અને તેમને કોનુ નામ ચાલે છે તેની ખબર ના હોય તે કોઈ રીતે માનવાલાયક જણાઈ આવતુ નથી. તેમજ માપણી સમયે કોના નામની જમીન છે તેની ચકાસણી પણ વાદીએ કરાવેલ ના હતી તેવુ જણાવેલ છે. દાવાવાળા ખેતરમાં તેઓએ

===============================================================

પોતાનુ નામ દાખલ કરવા અરજી કરેલ કે કેમ તેવી હકીકતની પણ તેને જાણ નથી. જયારે વાદી અને પ્રતિવાદી બન્ને સગા થાય છે. વધુમાં વાદીના સાહેદ નોંધાભાઈ હમીરાભાઈ રાજપુત ની જુબાની ૪૭ થી નોંધવામાં આવેલ છે. તેની તથા વાદીના સાહેદ મેરૂભાઈ રૂડાભાઈ રજપુત ની જુબાની ૪૮ થી નોંધવામાં આવેલ છે. તથા વાદીના સાહેદ વિરમ જુઠાભાઈ રબારી ની જુબાની ૭ર થી નોંધવામાં આવેલ છે. તથા વાદીના સાહેદ ખેંગાભાઈ બાઉભાઈ વેણ ની જુબાની ૮૩ થી નોંધવામાં આવેલ છે. તેઓની આ બન્ને મુદાના પરિપ્રેક્ષ્યમાં જ ચર્ચા કરીએ તો વાદીએ અંહી તમામ સાહેદોની સરતપાસનુ સોગંદનામુ માત્ર એકજ પાનામાં રજુ કરેલ છે. જેમાં દાવાવાળા ખેતરની આજુબાજુમાં તેઓનુ ખેતર આવેલાનુ જણાવેલ છે. અને પ્રતિવાદી ખેતર વાવેતર કરતા નથી જયારે વાદી વાવેતર કરતા હોવાનુ જણાવે લછે. આ સાહેદો પૈકી કોઈએ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. જે નોંધ લેવા યોગ્ય છે. જો ખરખેર જયારે તેઓની ઉલટતપાસમાં આંક ૪૭ ની ઉલટપાસમાં વાદી તેમના કાકા થાય છે તેવુ જણાવેલ છે. અને સાહેદના રહેવાનુ ગેડી કે છે ફતેહગઢ છે તે અંગે સુધારો કરેલ છે. આ સાહેદને દાવાવાળા ખેતરના ગુઠા ખબર નથી. હવે જયારે કોઈ વ્યકિતના નામે ખેતર હોય, ખેતી કરતા હોય તેઓને ગુઠામાં ખબર ના પડે તે હકીકત કોઈ રીતે માન્ય રાખી શકાય નહી. તેમજ માપણીનુ નવુ રેકર્ડ ૧૯૭૯ માં તૈયાર થયેલ તે બાબતે કોઈ માહીતી આ સાહેદને નથી. જયારે વાદીના નામે આજ દીન સુધી વાદીના નામે ચડેલ નહી હોવાનુ વાદીનો સાહેદ જ કબુલ રાખે છે. આ સાહેદને આ વર્ષે તથા ગયા વર્ષ સુ વાવેલ હતુ તે યાદ છે પરંતુ અગાઉ શુ વાવેતર કરતા હતા તે યાદ નથી. જેથી આ હકીકત વાદીએ જણાવેલ હોય તેવુ માનવાને કારણ રહે છે. આંક ૪૮ ના ઉલટતપામાસમાં વાદી તેમના કાકાના દીકરા ભાઈ થતા હોય તેવુ જણાવેલ છે. જયારે તેઓ ગેડી રહે છે. અને ઓફ સીઝનમાં ફતેહગઢ રહે છે તે હકીકત કોઈ ડહાપણ ધરાવતો વ્યકિત માની શકે નહી. તેમજ આ સાહેદ પણ દાવા વાળા ખેતરમાં દાવો કર્યો

==========================================================

ત્યારે શુ વાવેતર કરેલ હતુ તે જાણતા નથી. અંહી આ સાહેદ જણાવે છે કે પ્રતિવાદી સાથે તેઓને મનદુઃખ છે. આંક ૮૩ ના સાહેદ પણ વાદીના જ્ઞાતિભાઈ થાય છે. આ સાહેદ પંચનામા સમયે ત્યાં હાજર હતા પરંતુ તે સમયે કોઈ રેવન્યુ રેકર્ડના ઉતારા કે દસ્તાવેજી પુરાવા જોયેલા નહી હોવાનુ કબુલ રાખેલ છે. જેથી આ સાહેદ વાદીના માલીક અને કબ્જા અંગે પણ કોઈ રીતે મદદરૂપ થતા નહી હોવાનુ અત્રૈની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૯.૫) હવે આખરમાં મહત્વના વાદીના સાહેદ કે જેના પર વાદી આધાર રાખે છે. તેવા વાદીના સાહેદ ડીઆઈએલઆર કર્મી હરેશ રમેશભાઈ ની જુબાની ૬૪ થી નોંધવામાં આવેલ છે. તેની ચર્ચા કરીએ તો આંક ૬૫ થી તેઓએ દાવાવાળી ખેતર સર્વે નંબર ૩૨૮/૩ નુ ટીપ્પણ રજુ કરેલ છે. જાયરે આંક ૬૬ થી દાવાવાળા ખેતરનુ ખેતરવાર પત્રક કે જેને સુડબુક કહે છે તે રજુ કરેલ છે. જયારે આંક ૬૭ થી દાવાવાળા ખેરનુ આકારબંધ પત્રક રજુ કરેલ છે. આખરમાં આંક ૬૮ થી ગેડી ગામનો રેવન્યુ નકશો રજુ કરેલ છે. જેથી આ સાહેદે રેકર્ડ આધારીત જુબાની આપેલ છે. હવે જયારે રજુ કરેલા દસ્તાવેજોની ચર્ચા કરીએ તો વાદીના કથન મુજબ આંક ૬૫ તથા આંક ૬૬ વાળા દસ્તાવેજમાં વાદીનુ રામસંગભાઈ તેજાભાઈ રજપુતનુ નામ રેવન્યુ સર્વ નંબર ૩૨૮/૩ માં ચડેલ હોવાનુ દર્શાવે છે. પરંતુ તેની સાથે સાથે અંહી વાદીએ સમગ્ર દાવામાં એવુ પણ સ્થાપિત કરવુ જોઈએ કે કઈ નોંધ નંબરથી વાદીનુ નામ દાવાવાળી જગ્યાના રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હતુ. જે અંગેનો કોઈ પણ નોંધ નો ઉતારો કે જે વાદીના વડીલનુ નામ દાવાવાળી ખેતરમાં દાખલ થયેલ હોય તેવુ દર્શાવતો રજુ કરેલ નથી. બાદમાં પ્રતિવાદી નુ નામ કઈ રીતે દાવાવાળા ખેતરમાં દાખલ થયેલ તેવુ પણ કારણ કોઈ યોગ્ય ખુલાસો વાદીએ તેમના પુરાવાના તબકકે કરેલ નથી. જેથી માત્ર દસ્તાવેજી પુરાવા કે જે ટીપ્પણ કે ખેતરવાર પત્રક એટલેકે સુડબુકમા છે તે કબ્જો કે માલીકી માટે આધારભુત અને નિર્ણાયક માની શકાય નહી તેવુ

અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. જયારે આંક ૬૭ થી આકારબંધ દાવાવાળી ખેતર તથા આંક ૬૮ થી ગેડી ગામનો રેવન્યુ નકસો રજુ કરેલ છે. જેની ચર્ચાકરીએ તો તેમાં કોના નામની જગ્યા આવેલ છે તેવુ કોઈ વ્યકિતનુ કબ્જેદાર કે માલીક તરીકે નામ દર્શાવેલ નથી. જેથી તેને કબ્જાના કે માલીકીના પુરાવા તરીકે માની શકાય નહી. વધુમાં રેવન્યુ નકસો જે રજુ કરેલ છે. તેમાં તો તે ગેડી ગામનો છે કે કેમ તે પણ નકસો વંચાણે લેતા સ્પષ્ટ થતુ નથી. તો તેવા દસ્તાવેજો પર આધાર રાખી શકાય નહી. આંક ૭૨ થી તલાટીને તપાસના આંક ૭૪ થી ૮૨ સુધી અલગ અલગ રેવન્યુ રેકર્ડના ઉતારા રજુ કરેલા છે. આંક ૭૪ સિવાયના બીજા કોઈ રેવન્યુ રેકર્ડના ઉતારા  અન્ય મિલ્કતના હોવાથી તેની ચર્ચા કરવાની જરૂરી રહેતી ના હોવાનુ કરેલ નથી. જેમાં હાલના દાવાવાળી જમીનને સ્પર્શતો માત્ર આંક ૭૪ છે જેમાં પ્રતિવાદી નુ નામ રેકર્ડ પર હોવાનુ જણાઈ આવે છે. અંહી પ્રતિવાદીના વારસો નુ નામ નોંધ નંબર ૯૨૮૦ થી થયેલાનુ પણ સ્પષ્ટ થઈ જાય છે. જેન નોંધ ની ખરીનકલો પ્રતિવાદી એ રજુ કરેલ છે. તેમજ તેમની ઉલટતપાસમાં પ્રતિવાદી ના વકીલે સવાલ પુછેલ છે કે બેંક લોન ટાઈટલ કલીચર હોય તો જ આપે તો તે અંગેની આ સાહેદને ખબર નથી. પરંતુ તે હકીકતની ચર્ચા કરીએ તો બેંક દવારા જાયરે લોન અપાય છે તે પહેલા સ્થળતી ચકાસણી તથા ટાઈટલ વગેરે ચેક કરવામાં આવતા હોય છે. બાદમાં જ લોન મંજુર થતી હોય છે. આ કામે પ્રતિવાદી ને રૂા. ૧,૫૦,૦૦૦/– પુરાની લોન મંજુર થયેલ છે. જેની બોજા નોંધ પણ આંક ૭૪ વાળા દસ્તવોજ વંચાણે લેતા જણાઈ આવે છે. જેથી પ્રતિવાદી નો કબ્જો હોવાની હકીકતને વધુ સમર્થન મળે છે. તેમજ પ્રતિવાદી એ તેમની દલીલમાં જણાવેલ છે કે તેમનુ નામ પ્રમોલગેશન વખતથીજ છે. વાદી તેમની દલીલમાં જણાવેલ છે કે આંક ૬૫ અને ૬૬ વાળા દસ્તાવેજ સ્થળ પર જઈને બનાવેલા દસ્તાવેજ છે. જયારે નોંધો પડે તે ઓફીસમાં બેસીને કરવામાં આવતી હોય છે. પરંતુ વાદી અંહી પ્રતિવાદી નુ નામ દાખલ થયેલ તેની જાણ તેને કયારે થઈ તે હકીકત રેકર્ડ પર લાવી

શકેલા નથી. બીજી તરફ પ્રતિવાદી ના નામની કે તેમના વડીલના નામની કોઈ નોંધને વાદી દવારા પડકારવામાં આવેલા નથી.જે હકીકત નેક લક્ષમાં લેવી જરૂરી છે.

(૯.૬) બીજી તરફ પ્રતિવાદી ના પુરાવાની ચર્ચા કરીએ તો, જયારે પ્રતિવાદી બાબુભાઈ બાઉભાઈ દૈયાની સોગંદ પર જુબાની આંક ૯૦ થી નોંધવામાં આવેલ છે. તથા પ્રતિવાદી કાનજીભાઈ રાણાભાઈ મેરની સોગંદ પર જુબાની આંક ૯૯ થી નોંધવામાં આવેલ છે. તેઓએ જણાવેલ છે કે પ્રતિવાદી નુ નામ સને ૧૯૬૬ થી દાખલ થયેલ છે. જે હકીકતનો ખંડન વાદી દવારા ઉલટતપાસમાં કરવામાં આવેલ નથી. જે સમય બાદ હાલનો દાવો સને ૨૦૧૧ માં દાખલ કરવામાં આવેલ છે. જો કે વાદીએ ઉલટતપાસમાં તથા દલીલમાં ભાગીયાનુ નામ જણાવેલ નહી હોવાની હકીકત પર ભાર મુકેલ છે. પરંતુ તે હકીકત રેકર્ડ પર ના આવવાથી કેસમાં કોઈ સંજોગો બદલાય તેવુ જણાતુ નથી. જો કે માપણ બાબતે તેને કોઈ ખબર નથી તેવુ જણાવેલ છે. પરંતુ બીજી તરફ વાદીના કબ્જો દાવાવાળી મિલ્કતમાં હોવાની હકીકતનો ઈન્કાર કરે છે. વધુમાં પ્રતિવાદી ઓના નામ ની નોંધ અંગેના કોઈ સવાલો પુછવામાં આવેલ નથી. તેમજ તેવી નોંધો સામે વાદીએ કોઈ કાર્યવાહી કરેલ હોવાનુ રેકર્ડ પર આવેલ નથી. જયારે આંક ૯૯ થી ઉલટતપાસની ચર્ચા કરીએ તો, તેઓ પ્રતિવાદી ના કહેવાતા કબ્જાવાળા ખેતરનુ વાવેતર કરતા હોય તેવુ જણાવેલ છે. પરંતુ તેની પાસે કોઈ બીયારણના બીલ નથી. બીલ પેઢી પાસે જમા હોવાનુ હકીકત માની શકાય તેવી નથી. જયારે પ્રતિવાદી નો દાવાવાળી જમીનમાં કબ્જો હોવાની હકીકત ખોટી હોવાના સવાલનો ઈન્કાર કરેલ છે. જેથી આ હકીકત પણ વાદીના કેસને વધુ મદદરૂપ થતી નહી હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. ખાસ કરીને જાહેરાતના તથા મનાઈહુકમના દાવામાં મોટા ભાગનો કેસ દસ્તાવેજી પુરાવા પર આધારીત હોય છે. જેથી હાલના કેસમાં બેટર ટાઈટલની સમગ્ર પુરાવાની ચર્ચા કરીએ તો વાદી કરતા

=====================================================================

પ્રતિવાદી નો કબજો હોવાની હકકીત માનવાને કારણ રહે છે. તેમજ માલીકી અંગેની ચર્ચા કરીએ તો પ્રતિવાદી ના નામની નોંધો પડેલ છે. જે નોંધો આજની તારીખ સુધી અકબંધ છે. જે નોંધો સામે વાદીએ આજ દીન સુધી તેમાંની કોઈ નોંધને પડકારેલ નથી. જે હકીકત નેક લક્ષમાં લેવી જરૂરી બની જાય છે.

(૯.૭) અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, આ કામે વાદીએ દલીલમાં જણાવેલ છે કે, પ્રતિવાદીના સાહેદ નં. ૯૯ થી કાનજીભાઈ રાણાભાઈ મેરની જુબાની નોંધેલ તેને ખેડનાર તરીકે ઉભો કરવામાં આવે છે. જેનુ નામ ગામ નમુના નંબર ૧૨ માં પણ નથી. જેની ચર્ચા કરીએ તો ખરેખર પ્રતિવાદી નુ નામ છે તો એવુ પણ બની શકે કે પ્રતિવાદી એ તેમનુ નામ ખેડનાર તરીકે દાખલ ના પણ કરાવેલ હોય જેથી ગામ નમુના નંબર ૧૨ માં ના પણ હોઈ શકે. તેમજ આ મુદદો હાલના દાવાને બીજી કોઈ રીતે અસર કરતો જણાતો નથી. જો તે ખરેખર ખેડનાર હોય તો પ્રતિવાદી તેની આંક ૯૦ ની જુબાનીમાં ઉલ્લેખ કરેલ હોય પરંતુ તેના નામનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. તેમજ અમો વાદીનુ નામ જે દસ્તવોજમાં છે તે સ્થળ પર જઈને તૈયાર કરવામાં આવેલ દસ્તાવેજ છે. જયારે પ્રતિવાદી ઓના નામ છે તે ઓફીસમાં બેસીને નોંધ કરવામાં આવેલ દસ્તાવેજ છે. વધુમાં વાદી તથા પ્રતિવાદી ઓના કેસની તકરારના મુદદાને ઘ્યાનમાં રાખતા દસ્તવોજી પુરાવા પરથી મહદ અંશે અનુમાન થઈ શકે તેવો હાલનો કેસ છે.

(૯.૮) અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે જે મહેસુલ ભરતા હોય, અને રેવન્યુ રેકર્ડ જેવાકે, ગામ નમુના નં. ૭/૧૨, તથા ખાતાવહી ગામ નમુનો નં. ૮–અ, માં નામ હોય તેના આધારે તેનો કબજો હોય તેવુ પ્રાથમીક તબકકે માનવાનુ રહે છે અને તે પણ જયાં સુધી વિરુઘ્ઘનુ પુરવાર ન થાય ત્યા સુધી કોર્ટ પણ તેવુ અનુમાન કરી શકે છે. પરંતુ,

=====================================================================

શરત માત્ર એટલી છે કે, માત્ર મહેસુલ ભરયાની પહોચના આધારે કબજેદાર હોવાનુ અનુમાન થઈ શકે નહી. તેની સાથે અન્ય દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાથી કબ્જા અંગેની હકીકતોને સમર્થન મળતુ હોવુ જોઈએ. અંહી વાદી તેમ સાબીત કરવામાં પણ નિષ્ફળ ગયેલા છે.

(૯.૯) આમ સમગ્ર કેસના તમામ દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવાની ચર્ચા કર્યા બાદ તેટલુ તારણ કાઢી શકાય છે કે વાદીનો કેસ પ્રતિવાદી ના કેસ કરતા નબળો છે. વાદી જયારે બેટર ટાઈટલ અમારી પાસે છે. તેવુ જણાવતા હોય તો તેઓને પ્રતિવાદી નુ નામ કયા સમયે દાખલ થયેલ? તેની જાણ વાદીને કઈ રીતે થયેલ? તેવી જાણ વાદીને કયારે થયેલ? તેવા સવાલોના જવાબોની હકીકતો વાદીએ આપેલ નથી. બીજી તરફ વાદીનુ નામ પણ આંક ૬૫, ૬૬ ના દસ્તાવેજોમાં શી રીતે દાખલ થયેલ તે અંગે પણ વાદી મૌન સેવેલ છે. જેથી અંહી વાદીનો કેસ પ્રતિવાદી  કરતા નબળો અને પ્રતિવાદી નો કેસ વાદી કરતા મજબુત અને સત્યની નજીક હોવાનુ માનવાનુ થાય છે. આમ, આટલી હકીકતો પરથી અત્રેની કોર્ટ આ મુદા પરત્વે જે તારણ પર આવે છે જેનો જવાબ નીચે મુજબ છે.

(૯.૧૦) આમ **વાદી** હાલના મુદાને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે.  આમ **મુદા નંબર – ૧** અંગેનો જવાબ **નકારમાં** ઠરાવવામાં આવે છે. જયારે **વાદી** હાલના મુદાને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે.  આમ **મુદા નંબર – ૨** અંગેનો જવાબ **નકારમાં** ઠરાવવામાં આવે છે.

==========================================================

(૧૦) **મુદ્દા નંબર ૩ અન્વયેના કારણો:–**

(૧૦.૧) આ મુદ્દો નામદાર કોર્ટ દવારા ઘડવામાં આવેલ તેનો સાબીતીનો બોજો પ્રતિવાદી પર નાખવામાં આવેલો છે કે (૩) **Whether the defendant proves that the plaintiff has not paid sufficient court fees?** આ મુદ્દા પુરતી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા /મુલ્યાંકન હવે પછી વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૦.૨) હાલના મુદ્દાને સાબીત કરવાનો બોજો વાદી પર મુકવામાં આવેલો છે અને તેને સાબીત કરવા માટે વાદીએ રેકર્ડ પર જે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરેલ છે અને જે હકીકતો રેકર્ડ પર લાવેલા છે તેની ચર્ચા વિસ્તારપુર્વક કરીએ તો, વાદીના હાલના દાવમાં માત્ર જાહેરાત અને કાયમી મનાઈહુકમનો દાવો પ્રતિવાદી ઓ સામે દાખલ કરેલ છે. જેમાં વાદીએ રૂા. ૧૦૦/– ની કોર્ટ ફી ભરેલ છે. જેને અનુસંધાને ગુજરાત કોર્ટ ફી એકટ ૨૦૦૪ ની કલમ ૬(૧૨) વંચાણે લેવી જરૂરી બની જાય છે. જેને સરળતા ખાતર નીચે મુજબ ટાંકવામાં આવેલ છે.

***THE GUJARAT COURT–FEES ACT, 2004.***
***Section 6 (12) For Other Declaration***

> ***In suits where declaration is sought, with or without injunction or other consequential relief and the subject matter in dispute is not susceptible of monetary evaluation and which are not otherwise provided for by this Act - one hundred rupees,***

==================================================================

આમ સદર કલમને વંચાણે લેતા આ કામે વાદીએ જે કોર્ટ ફી ભરેલ છે. તે પુરતી હોય જેથી તેની કોર્ટ ફી ઓછી ભરી હોવાનો પ્રતિવાદી નો વાંધા ટકાવને પાત્ર રહેતો નથી. જેથી તેની ચર્ચા હવે વધુ કરવી અત્રેની કોર્ટને જરૂરી જણાતી ના હોવાથી આ મુદાને સંબંધિત નીચે મુબજનો હુકમ કરવામાં આવે છે. આમ, આટલી હકીકતો પરથી અત્રેની કોર્ટ આ મુદા પરત્વે જે તારણ પર આવે છે જેનો જવાબ નીચે મુજબ છે.

(૧૦.૩) આમ **પ્રતિવાદી** હાલના મુદાને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે. આમ **મુદા નંબર – ૩** અંગેનો જવાબ **નકારમાં** ઠરાવવામાં આવે છે.

**(૧૧) મુદદા નંબર ૪, ૫, ૬ અન્વયેના કારણો:–**

(૧૧.૧) આ મુદા નામદાર કોર્ટ દવારા ઘડવામાં આવેલ તેનો સાબીતીનો બોજો પ્રતિવાદી પર નાખવામાં આવેલો છે કે (૪) **Whether the defendant proves that no cause of action has arose for filling suit?** (૫) **Whether the defendant proves that the suit is barred by law of Limitation?** (૬) **Whether the plaintiff is entitled to get relief as prayed for?** આ મુદદાની હકીકતો તથા દસ્તાવેજી પુરાવા એક સાથે સંકળાયેલા હોવાથી તે બન્ને મુદાની ચર્ચાનુ પુનરાવર્તન કરવુ ના પડે અને ચર્ચા બેવડાઈ નહી, તેવા શુભ આશયથી બન્ને મુદદાની ચર્ચા /મુલ્યાંકન એક સાથે હવે પછી વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૧.૨) હાલના મુદદાને સાબીત કરવાનો બોજો વાદી પર મુકવામાં આવેલો છે અને તેને સાબીત કરવા માટે વાદીએ રેકર્ડ પર જે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરેલ

==========================================================

છે અને જે હકીકતો રેકર્ડ પર લાવેલા છે તેની ચર્ચા વિસ્તારપુર્વક કરીએ તો, સામાન્ય રીતે આ મુદા નંબર ૪ અને ૫ નુ તારણ મુદા નંબર ૬ માં આવી જાય છે. કારણકે મુદા નંબર ૬ માં ખરેખર કોર્ટે તે જોવાનુ હોય છે કે ખરેખર વાદીના દાવાનુ કારણ યોગ્ય છે કે કેમ? તેમજ દાવો સમયમર્યાદામાં છે કે કેમ? આમ, પક્ષકારોની સાથે સાથે આ મુદાને સાબીત કરવા માટે વાદી પ્રતિવાદીઓના બોજા ઉપરાંત નામદાર કોર્ટની પણ ફરજ રહે છે કે વાદીનો દાવો કાયદેસરનો છે કે કેમ? વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ? વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે કે કેમ? વાદીએ દાવામાં મહત્વની હકીકતોને છુપાવીને દાવો કરેલ છે કે કેમ? વાદીએ દાવામાં યોગ્ય કોર્ટ ફી ભરેલ છે કે કેમ? કાયદાની જોગવાઈઓથી સુસંગત છે કે  કેમ? વાદીની દાદ કાયદેસરની છે કે કેમ? વાદીએ માંગેલ દાદ ખરેખર તેમને મળવાપાત્ર છે કે કેમ? વગેરે સવાલોના તારણ સાથેના જવાબ કોર્ટ આપવાના હોય છ. તેના આધારે પક્ષકાર દાદ મેળવવા હકદાર બનતા હોય છે. તેવા દરેક પાસાની ચર્ચા વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૧.૩) અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીએ આખરમાં દાવામાં જે દાવો કરવાનુ કારણ જણાવેલ છે તેની ચર્ચા કરીએ તો તે માનવાલાયક જણાઈ આવતુ નથી. કારણકે દાવાવાળી જમીનમાં વાદીના કથન મુજબ કયારથી વાદીનો કબ્જો હતો? તે અંગેના કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. તેમજ **દાવો કરવાનુ કારણ તા. ૧૩/૦૭/૧૧** ના રોજ પ્રતિવાદીએ દાવાવાળી જમીનમાં આવીને ધમકીઓ આપેલ હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો વાદીએ રજુ કરેલા નથી કે સાહેદોના પુરાવાથી પણ સાબીત કરી શકેલ નથી. જેથી વાદીની તે હકીકત માનવાને કોઈ કારણ રેકર્ડ પર આવી શકેલ ના હોવાથી અત્રેની કોર્ટ તે માનતી નથી. તેમજ વાદી જાતે  તેમના જુબાનીમાં ઉલટતપાસમાં કબુલ રાખે છે કે બાઉ ગોપારાએ કોઈ દીવસ ધમકી આપેલ હોય તેવુ

==========================================================

બનેલ નથી. જેથી અંહી વાદીના દાવા અરજીની હકીકત તથા જુબાનીની હકીકત પરસ્પર વિરોધાભાષ ઉત્પન્ન કરે છે. જેથી વાદીનુ દાવો દાખલ કરવાનુ કારણ વ્યાજબી હોવાનુ અત્રેની કોર્ટને જણાતુ નથી. જેથી અંહી વાદીના દાવાઅરજીનુ કારણ ખોટુ હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૧૧.૪) હવે જયારે મુદા નબર ૫ ની ચર્ચા કરીએ તો, અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ? તે અદાલતે જોવાનુ છે. બીજી તરફ પ્રતિવાદીએ તેના જવાબમાં વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તેવી તકરાર લઈને આવેલા છે. સાથે સાથે દાવાનુ કારણ તથા દાવો દાખલ કરવાનુ કારણ ઉભુ થયા તારીખ ૧૩/૦૭/૧૧ દર્શાવેલ છે. પરંતુ વાદી તે સાબીત કરવામાં સફળ ગયેલા નથી. વાદી જયારે દાવો લઈને આવે તો સૌપ્રથમ તેનો દાવો સમયમર્યાદામાં છે તેવુ સાબીત કરવુ જોઈએ. વાદી દાવો સમયમર્યાદ બહારનો લાવેલા છે. એવુ એટલા માટે માની શકાય કારણકે વાદીનો દાવાવાળી જમીન ગેડીના સર્વે નંબર ૩૨૮/૩ માં વાડીના વડીલો કઈ રીતે માલીક બનેલા તે દાવામાં કયાય વાદીએ જણાવેલ નથી. તેમજ વાદીના વડીલન નામ ટીપ્પણમાં કઈ રીતે દાખલ થયેલ તે પણ જણાવેલ નથી. વાદીએ દાવાવાળી જમીન કોની પાસેથી લીધેલ કે કોની પાસેથી મળેલ તે હકીકત વાદી રેકર્ડ પર લાવવામાં સફળ ગયેલા નથી. જયારે બીજી તરફ રેવન્યે રેકર્ડમાં પ્રતિવાદીઓના નામો ચડેલા જણાઈ આવે છે. તેમજ તેઓના નામ નોંધ નંબર ૩૯૦, ૩૦૧૦ તથા ૯૨૮૦, ૨૮૩૦ ની નોંધ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીઓના નામો હોવાનુ જણાઈ આવે છે. નોંધ નંબર ૩૦૧૦ એ સને ૧૯૬૬ માં પ્રતિવાદી ના વડીલના નામે દાવાવાળી જમીન (જુના સર્વે નંબર ૨૮૬૭ છે.) પડેલ છે. જેમાંની નોંધ નંબર ૩૯૦ આંક ૯૪ થી રજુ છે. આમ પ્રતિવાદી એ રજુ કરેલ રેવન્યુ રેકર્ડના દસ્તાવેજી પુરાવા આંક ૯૩ થી ૯૬ તથા ૧૦૧ થી

================================================================

૧૦૬ પ્રતિવાદી ઓના નામના જણાઈ આવે છે. જે નોંધોની સામે વાદીએ આજ દીન સુધી પડકારવાની કોઈ કાર્યવાહી કોઈ ફોરમમાં કરેલ નથી. જે રેકર્ડ જોતા માનવાનુ થાય છે. પ્રતિવાદીઓના કાયદે દાખલ થયેલા તેવી કોઈ હકીકત પણ વાદીના સમગ્ર પુરાવા દરમ્યાન રેકર્ડ આવેલ નથી. જ્યારે પ્રતિવાદી નામની નોંધો જોવામાં આવે તો તેમાં નોંધ સને ૧૯૬૬ તથા ૧૯૭૯ માં પડેલ હોવાનુ જણાઈ આવે છે. જેથી ખરેખર સમયમર્યાદાના કાયદાની આર્ટીકલ ૫૬, ૫૭, ૫૮ મુજબની જોગવાઈ વાદીના દાવાને લાગુ પડે છે. વાદીએ દાવો ત્રણ વર્ષમાં લાવવો જોઈએ. જ્યારે હાલનો દાવો સને ૨૦૧૧ માં દાખલ કરેલ છે. જેથી વાદીનો હાલનો દાવા સમયમર્યાદા બહારનો હોવાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે.

અંહી પ્રતિવાદી એ વાદીનો દાવો LIMITATION માં નથી તેવી તકરાર લીધેલ છે. તેની ચર્ચા કરીએ તે પહેલા **THE LIMITATION ACT ARTICLE 56, 57, 58** ને ધ્યાને લેવી જરૂરી બની જાય છે. અને તે સરળતા ખાતર નીચે મુજબ ટાંકવામાં આવેલ છે.

| **Article** | **Discription of the suit** | **Period of limitation** | **Time from which period begins to run** |
|---|---|---|---|
| 56. | To declare the forgery of an instrument issued or registered. | Three years. | When the issue or registration becomes known to the plaintiff. |
| 57. | To obtain a declaration that an alleged adoption is | Three years. | When the alleged adoption becomes known to the plaintiff. |

================================================================

| | | | |
|---|---|---|---|
| | invalid, or never, in fact, took place. | | |
| 58. | To obtain any other declaration. | Three years. | When the right to sue first accrues. |

આમ ઉપર મુજબ સમય મર્યાદના કાયદાની અનુચ્છેદ ૫૬, ૫૭, ૫૮ વેચાણે લેતા સ્પષ્ટ થઈ જાય છે કે, તેવો કોઈ દસ્તવોજ થયેલ હોય તો તે રદ કરવા માટે તેવો દસ્તવોજ થયાની જાણ થયેથી ત્રણ વર્ષમા દાવો દાખલ કરવો જોઈએ. જેથી વાદીનો દાવો કાયદેસરનો અને સમયમર્યાદામાં દાખલ થયેલ હોવાનુ અમોનુ નમ્રપણે માનવાનુ થાય છે.

(૧૧.૫) અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે કે કેમ? તે અદાલતે જોવાનુ છે. આ દાવામાં વાદીએ દાવામાં હિત ધરાવતા તમામ વ્યકિતઓને પક્ષકાર તરીકે જોડેલા છે. જેથી રેકર્ડ પર આવેલા વારસો અને અન્ય વારસો અંગે કોઈ તકરાર ના હોવાથી વાદીના દાવાને કોઈ પક્ષકારની ખામીનો બાધ નડતો નથી. એટલેકે વાદીના દાવાને **NON JOINDER OF NECESSARY PARITES**” નો બાધ નડતો નથી. તેવુ સ્પષ્ટપણે અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૧૧.૬) અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીએ દાવામાં **Suppression Material of Facts** એટલેકે કોઈ મહત્વની હકીકીતો છુપાવેલ તો નથી? તે અદાલતે જોવાનુ છે. જ્યારે બીજી તરફ દાવામાં પ્રતિવાદીએ એ તકરાર લીધેલ છે અને દલીલમાં પણ જણાવે છે કે **વાદીએ દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નુ નામ કઈ રીતે? ક્યારે દાખલ થયેલ?**

**<u>પ્રતિવાદીઓના નામ દાખલ થયેલા તેની જાણ વાદીને ક્યારે થઈ? વગેરે જેવી મહત્વની કોઈ હકીકતો અંગે ઉલ્લેખ કરેલ નથી. આમ વાદીએ સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ કરેલ હોવાથી પણ દાવો ચાલવાને પાત્ર રહેતો નથી.</u>** પ્રતિવાદી પક્ષે એવો પણ બચાવ લીધેલ છે કે વાદી ચોખખા હાથે આવેલ નથી. ચોખ્ખા ઈરાદે આવેલા નથી. જ્યારે કોઈ પક્ષકાર ચોખ્ખા હાથે કોર્ટમાં દાદ માંગવા આવે નહી તો તેને દાદ મળી શકે નહી. અંહી વાદીનુ વર્તન, કથન, દસ્તાવેજી પુરાવા, તથા મૌખિક પુરાવા વંચાણે લેતા વાદી ચોખ્ખા હાથે ચોખ્ખા ઈરાદે આવેલા નહી હોવાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે. કારણકે દાવાવાળી મિલ્કત મોજે ગેડીના રેવન્યુ સર્વે નંબર ૩૨૮/૩ માં વાદીનુ ટાઈટલ શી રીતે પ્રતિવાદી કરતા બેટર ટાઈટલ છે તે સાબીત કરવામાં સફળ થયેલા નથી.

➔ **<u>કાયદાની જોગવાઈ અને ચુકાદા (Law Provisions & Authorities):–</u>**

(૧૧.૭) આ કેસમાં રેકર્ડ પર આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ વિગતવાર મુલ્યાંકનની છણાવટ કર્યા બાદ તેમજ રેકર્ડ પર આવેલ હકીકતોના તમામ પાસાની ચર્ચા કર્યા બાદ, ભારતીય પુરાવા અધિનીયમની કેટલીક મહત્વની કલમો અંહી સરળતા ખાતર ટાકંવામાં આવેલા છે. જે નીચે મુજબ છે.

***<u>Indian Evidence act 1872.</u>***

***Section 18. Admission by party to proceeding or his agent:-***

*Statements made by party to the proceeding, or by an agent to any such party, whom the Court regards, under the circumstances of the case, as expressly or impliedly authorized by him to make them, are admissions.*

*By suitor in representative character — Statements made by parties to suits, suing or sued in a representative character, are not admissions, unless they are made while the party making them held that character.*

*Statements made by—*

*(1) By party interested in subject-matter—persons who have any proprietary or pecuniary interest in the subject-matter of the proceeding, and who make the statement in their character of persons so interested, or*

*(2) By person from whom interest derived- Persons from whom the parties to the suit have derived their interest in the subject-matter of the suit, are admissions, if they are made during the continuance of the interest of the persons making the statements.*

***Section 101. Burden of proof***

*Whoever desires any Court to give judgement as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist.*

***Section 102. On whom burden of proof lies***

*The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.*

***Section 103. Burden of proof as to particular fact***

*The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person*

***Section 114. Court may presume existence of certain facts***

*The court may presume the existence of any fact which it thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case.*

આમ, ઉપર ટાંકવામાં આવેલ ભારતીય પુરાવા અધિનીયમની કલમોનો ટુંક સાર /નિષ્કર્ષ (Gist) એવો છે કે, પ્રથમ તો સ્વીકૃતિ અંગે ચર્ચા કરીએ તો જે પક્ષકાર દાવાની કાર્યવાહી દરમ્યાન કોઈ હકીકતનો સ્વીકાર્ય ગણતા હોય તેને સાબીત કરવાની જરૂર રહેતી નથી. ત્યારબાદ પુરાવના બોજાની કલમોની ચર્ચા કરીએ તો, જો કોઈ પક્ષકાર એમ ઈચ્છતો હોય કે કોર્ટ તેમની તરફેણમાં ચુકાદો આપે તો તે પક્ષકારે પક્ષનિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવી જોઈએ. તેમજ કેટલાક સામાન્ય ક્રમમાં થતી ઘટનાઓ કે કાર્ય વિષે કોર્ટ કેટલીક હકીકતો માની લેશે.

આમ ઉપર મુજબના મુદાઓમાં મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા તથા કાયદાની જોગવાઈઓને સાથે વંચાણે લીધેલ છે.પરંતુ અંહી વાદી પોતાનો કેસ, ઉપર કરેલ કેસની ચર્ચા મુજબ સાબીત કરવામાં સફળ થયેલા નથી. તેવુ અત્રેની કોર્ટ માનવાનુ થાય છે. જેથી આ મુદાનો અત્રેની કોર્ટને ઉચિત જાણતો જવાબ નીચે મુજબ છે.

==================================================================

(૧૧.૮) **AUTHORITY:-**

➔ **કોર્ટ દવારા ટાંકવામાં આવેલા ચુકાદા:–**

**વધુમાં** નામ. સુપ્રિમ કોર્ટે ***Sebastiao Luis Fernandes (Dead) By vs K.V.P. Shastri & Ors on 10 December, 2013, AIRONLINE 2013 SC 579, 2014(1) GLH 344,*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે**.....**

*"there is an essential distinction between burden of proof and onus of proof: burden of proof lies upon a person who has to prove the fact and which never shifts. Onus of proof shifts. Such a shifting of onus is a continuous process in the evaluation of evidence.* ***In our opinion, in a suit for possession based on title once the plaintiff has been able to create a high degree of probability so as to shift the onus on the defendant it is for the defendant to discharge his onus and in the absence thereof the burden of proof lying on the plaintiff shall be held to have been discharged so as to amount to proof of the plaintiff's title." We therefore do not find any reason whatsoever to interfere with the impugned judgment and decree passed by the High Court on this aspect of the case as well."***

આમ ઉપરોકત કાયદાકીય તથા ઉચ્ચસ્તરીય ન્યાયીક નિર્ણયમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે વાદી જે હકીકતના આધારે દાવો લઈને આવેલ હોય તે હકીકત વાદીએ હકારાત્મક રીત પુરવાર કરવાની રહે છે તેમજ તે હકીકતનું અસ્તિત્વ આધાર પુરાવા સાથે પુરવાર કરવાની જવાબદારી વાદીની છે. જેમાં વાદી સફળ સાબીત થયા છે.

==================================================================

==================================================================

**(૧૧.૯) Maxims:-**

Here, It is pertinent to quote some maxims regarding this case. Hence, this court thinks that the following maxims are fit and appropriate to this case.

1. Plaintiff must succeed on strength of his title and not by weakness in case of defendants defects in evidence of party on whom burden of proof lies cannot be cured by criticism of other parties.
2. **Actori incumbit onus probandi** – the burden of proof rests on the plaintiff.

(૧૧.૧૦) આમ **જયારે પ્રતિવાદી મુદા નંબર ૪ અને ૫** ને સાબીત કરવામાં **સફળ** થયેલા છે. જયારે **મુદા નંબર ૬** ને સાબીત કરવામાં **વાદી નિષ્ફળ** ગયેલા હોવાનો અત્રેની કોર્ટનો અભિપ્રાય થયેલ છે.

**(૧૨) મુદદા નંબર ૭ અન્વયેના કારણો:–**

(૧૨.૧) આમ આખરી મુદા નંબર **(૭) શુ હુકમ અને હુકમનામુ?** અંગે સ્પષ્ટતા કરીએ આ મુજબ કરેલ છે.

(૧૨.૨) આમ, ઉપર મુજબ વિગતવાર બન્ને પક્ષકારોના મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા અને પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન કરતા **વાદી મુદા નંબર ૧ અને ૨** ને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવો અત્રેની કોર્ટનો અભિપ્રાય થયેલ છે. **પ્રતિવાદી મુદા નંબર ૩** ને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવો અત્રેની કોર્ટનો અભિપ્રાય થયેલ છે. **જયારે પ્રતિવાદી મુદા નંબર ૪ અને ૫** ને સાબીત કરવામાં **સફળ** થયેલા છે. જયારે **મુદા નંબર ૬** ને સાબીત કરવામાં વાદી નિષ્ફળ ગયેલા હોવાનો અત્રેની કોર્ટનો અભિપ્રાય થયેલ છે. જયારે બીજી તરફ વાદી કરતા પ્રતિવાદીનો કેસ વધુ માનવાલાયક

====================================================================

જણાઈ આવે છે. તેમ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. આમ, વાદી હાલના દાવામાં તેઓએ કરેલ કથનો મુજબની હકીકતો દસ્તાવેજી અને મૌખીક પુરાવાથી પણ પુરવાર કરવામાં સફળ થયેલ નહી હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૧૨.૩) આમ, ઉપરકોત ઉલ્લેખિત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન તથા ચર્ચા અનુસાર આ કામના વાદીઓ પોતાની દાવા અરજીમાં જણાવ્યા મુજબ દાદ મેળવવા હકકદાર બનતા નથી. આ કામે ઉત્પન્ન થયેલ આખરી **મુદદા પરત્વે ન્યાયના વિશાળ હિતમાં યોગ્ય, ઉચિત અને વ્યાજબી જણતાો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

====================================================================

**-:આખરી હુકમ:-**

====================================================================

1) **વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.**
2) **પક્ષકારો એ પોત પોતાનો ખર્ચ પોતે ભોગવવો.**
3) **હુકમ મુજબ હુકમનામુ દોરવુ.**

આજ રોજ આ ચુકાદો **તારીખ- ૨૫, માહે-માર્ચ, સને- ૨૦૨૬,** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** **25/03/2026**
**સ્થળ:** **રાપર.**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**
જજ કોડ નં. જીજે ૦૧૪૩૪
**પ્રિન્સીપાલ સિવિલ જજ તથા**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, રાપર.

====================================================================